ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૩/૨૦-૨૧/ 767 તારીખ: 03 MAR 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી અશરફભાઈ સુલેમાનભાઈ હમીદાની,**
કે/ઓ – નંદી સોલ્ટ વર્કસ,
ગામ–અવાણીયા, તા.ઘોઘા,
**જી.ભાવનગર.**

કેસ નં.૬૩/૨૦-૨૧

**મો.નં.**

**વિષય : એવરેજ બિલ તથા સપ્લીમેન્ટરી બિલો રદ કરી રકમ જમા આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૪/૧૧/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૪/૧૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૦-૨૧/૩૯૦૩ તા.૦૯/૧૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૦-૨૧/૪૨૮૪ તા.૧૫/૧૨/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૦-૨૧/૫૨ તા.૦૫/૦૧/૨૦૨૧.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૦-૨૧/૪૮૯ તા.૦૮/૦૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૦૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૨, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ઘોઘા.**

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૬૩/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી અશરફભાઈ સુલેમાનભાઈ હમીદાણી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૧૫/૦૨/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી ડાયાભાઈ એચ.પટેલ – (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી અશરફભાઈ સુલેમાનભાઈ હમીદાણી, મું.અવાણીયા, જી.ભાવનગર ની એવરેજ બિલ તથા સપ્લીમેન્ટરી બિલો રદ કરી રકમ જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૩/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૩/૨૦–૨૧/૩૯૦૩ તા.૦૯/૧૧/૨૦૨૦.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૯/૧૨/૨૦૨૦, તા.૧૮/૦૧/૨૦૨૧ તથા તા.૧૫/૦૨/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **<u>તા.૧૫/૦૨/૨૦૨૧</u>** ના રોજ વાદી શ્રી અશરફભાઈ સુલેમાનભાઈ હમીદાણી ના અધિકૃત પ્રતિનિધિ શ્રી ડાયાભાઈ એચ.પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, તમામ સુનાવણીમાં ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**<u>વાદીશ્રીની પ્રથમ રજુઆત તા.૪/૧૧/૨૦૨૦</u> :–**

૧.૧ ફરીયાદી નું નામ–શ્રી અશરફભાઈ સુલેમાનભાઈ હમીદાણી

૧.૨ ફરીયાદી નું સરનામું– C/O નંદી સોલ્ટ વર્કસ, ગામ–અવાણીયા, તા.ઘોઘા, જી.ભાવનગર.

૧.૩ ગ્રાહક પ્રકાર અને ગ્રાહક નં– LTMD , 60212/00003/9

૧.૪ વિજ વિતરણ કંપની – પીજીવીસીએલ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૫ તા.૨/૬/૨૦૨૦ ના રોજ અમારે ત્યાં નાયબ ઈજનેરશ્રી, ઘોઘા સબ ડિવિઝન દ્વારા વિજ મીટર ની ચકાસણી કરવામાં આવી હતી અને ચેકીંગ શીટ નં–૪૧૯૦૦ ભરી અને એક્યુચેક ટેસ્ટ (એરર ટેસ્ટ) કરેલો હતો અને મીટર નો MRI DATA લીધેલ હતો. એરર ટેસ્ટ પ્રમાણે આ મીટર +૦.૬૯% એરર સાથે માન્ય મર્યાદામાં કામ કરતુ હતું.

આ ચેકીંગ શીટ માં કરેલ બીજી નોંધ પ્રમાણે મીટર રીડરના રીપોર્ટ પ્રમાણે આ મીટર ના રીડીંગ રીવર્સ થઈ ગયા હોય અને રીડીંગ ની ચકાસણી કરતાં, તે સાચુ હોય, મીટર ને વધુ લેબોરેટરી પરીક્ષણ માટે કબ્જે લઈ નવું મીટર ફીટ કરી પાવર સપ્લાય ચાલુ કરેલ હતો. નવા જુના મીટર ની તમામ વિગતો પ્રફોર્મા નં–૨૫૭૩ તા.૨/૬/૨૦૨૦ માં ભરેલ છે. આ ચેકીંગશીટ નં–૪૧૯૦૦ તા.૨/૬/૨૦૨૦ ને **<u>બિડાણ–૧</u>** દર્શાવી તથા પ્રફોર્મા નં– ૨૫૭૩ તા.૨/૬/૨૦૨૦ ને **<u>બિડાણ–૨</u>** દર્શાવી આ ફરીયાદ પત્ર સાથે જોડેલ છે.

૧.૬ તા.૨૨/૬/૨૦૨૦ ના રોજ આ મીટર નું ટેસ્ટીંગ લેબોરેટરીમાં કરીને મીટર ટેસ્ટીંગ રીપોર્ટ નં–૧૭૮૬ તા.૨૨/૬/૨૦૨૦ ની એક નકલ **<u>બિડાણ–૩</u>** દર્શાવી આ ફરીયાદપત્ર સાથે જોડેલ છે. આ લેબ રીપોર્ટ ના Final Conclusion પ્રમાણે મીટર ડીફેકટીવ જાહેર કરેલ છે. અને આ મીટર ટેસ્ટીંગ રીપોર્ટ માં નીચે દર્શાવેલ નોંધો કરેલ છે. SMB સહિત મીટર લેબમાં લાવેલ છે. SMB પર લાગેલ સીલો ચકાસતા બરોબર છે. કેબલ કન્ટીન્યુટી ચકાસતા બરોબર છે. SMC સીલો દૂર કરી આંતરીક જોતા ઉપર દર્શાવેલ વિગત વાળું મીટર તથા સીટી કોઈલ જોવા મળેલ છે. મીટર ટીસી અને સીટી કોઈલ વચ્ચેનું વાયરીંગ ચેક કરતા બરાબર છે. SMC ના સીલો તથા મીટર ટીસી ના સીલો સબ ડિવિઝન ના રેકર્ડ પ્રમાણે ના છે. મીટર ને ફકત વોલ્ટેજ આપી રીડીંગ પેરામીટર અલગ શીટ માં નોંધેલ છે. મીટર નો MRI DATA લીધેલો છે. જે આ સાથે સામેલ છે. Billing Data –રીપોર્ટ માં Billing-3 to Billing-2 માં રીડીંગ રીવર્સ થયેલ જોવા મળે છે. તથા લોડ સર્વે ડેટા લીધેલ છે. છેલ્લું બિલીંગ (એટલે કે રીવર્સ રીડીંગ થયા પહેલાનું ) OK બિલીંગ થયેલું હોય તે પછી લોડ સર્વે પ્રમાણે એક્ચ્યુઅલ બિલીંગ કરવું. મીટર ડીકેકટીવ છે. મીટર બોડી પરથી પીજીવીસીએલ ના સીલો દૂર કરી મીટર જે તે સબ ડિવિઝન ને પરત કરેલ છે. આગળની કાર્યવાહી પીજીવીસીએલ ના નિયમ અનુસાર કરવી.

૧.૭ આ લેબ રીપોર્ટ પ્રમાણે છેલ્લું બિલીંગ (એટલે કે રીવર્સ રીડીંગ થયા પહેલાનું ) OK બિલીંગ થયેલું તે તા. ૧૮/૩/૨૦૨૦ ના રોજ મીટર બરોબર હોવાથી મીટર રીડર દ્વારા રૂબરૂ ચેક કરીને ૪૨૪૨ યુનિટ નું વપરાશનું માસીક બિલ આપેલ હતું. ત્યારે, મીટરના પાછલા રીડીંગ – 14266 KWH અને (તા.૧૮/૩/૨૦ના) હાલના રીડીંગ – 18508 KWH દર્શાવેલ છે. આ બિલને **<u>બિડાણ–૪</u>** દર્શાવી આ ફરીયાદપત્ર સાથે જોડેલ છે.

૧.૮ તા.૨૩/૩/૨૦૨૦ થી સમગ્ર દેશમાં લોકડાઉન ને કારણે બધું જ બંધ કરાવેલ હતું જે બે મહિના સુધી અમારૂં કામ પણ સાવ બંધ જેવુ હતું તેમ છતાં, લોક ડાઉન ના કારણે વપરાશ બંધ હોવા છતાં, તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ મીટર રીડરે મીટર માં રીવર્સ રીડીંગ જોયા હોવાથી આપેલ માસીક બિલમાં મીટરને ફોલ્ટી બતાવી અને મીટરના પાછલા રીડીંગ – 18508 KWH અને હાલના રીડીંગ – 18508 KWH બંને રીડીંગ સરખા બતાવી અને 3686 યુનિટ નું એવરેજ બિલ 1Rs.37819=13 નું આપેલ હતું. આ બિલ ની નકલ ને **<u>બિડાણ–૫</u>** દર્શાવી આ ફરીયાદપત્ર સાથે જોડેલ છે.

૧.૯ અમારૂં આ યુનિટ સીઝનલ કનેકશન હોવાથી જુલાઈ–ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૦ દરમિયાન સાવ બંધ હતું અને તેની અમે ત્યાં નાયબ ઈજનેરશ્રી, ઘોઘા સબ ડિવિઝન પીજીવીસીએલ ને લેખિત જાણ તા.૩૦/૧૨/૨૦૧૯ ના રોજ કરેલ હતી. આ અરજી સ્વીકારી અમોને અમારી નકલમાં ઓફીસના સહી સિકકા કરી આપેલ હતા. તેની નકલ **બિડાણ–૬** દર્શાવી આ ફરીયાદપત્ર સાથે જોડેલ છે. તે જ રીતે અમારૂં આ કનેકશન જુલાઈ–ઓગષ્ટ– સપ્ટેમ્બર–૨૦૧૯ દરમિયાન સાવ બંધ હતું અને ૨૦૧૯ માં પણ નાયબ ઈજનેરશ્રી, ઘોઘા સબ ડિવિઝન પીજીવીસીએલ ને લેખિત જાણ તા.૧૧/૧/૨૦૧૯ ના રોજ કરેલી હતી. તેની નકલ **બિડાણ–૭** દર્શાવી આ ફરીયાદપત્ર સાથે જોડેલ છે.

૧.૧૦ તા.૨/૭/૨૦૨૦ ના રોજ માસીક બિલમાં જુના મીટર ના અગાઉના 18508 અને હાલના 18508 બતાવી તથા નવા મીટર ના અગાઉના 25 તથા હાલના 275 રયુનિટ બતાવી અને 250 યુનિટ નું Rs.24516=69 નું બિલ આપેલ છે. આ બિલમાં મીટરની સ્થિતિ "F" (Faulty) અને "C"(Change) બંને બતાવેલ છે. આ બિલ ની નકલ ને **બિડાણ–૮** દર્શાવી આ ફરીયાદ પત્ર સાથે જોડેલ છે.

૧.૧૧ તા.૩/૭/૨૦૨૦ ના રોજ અમોને પુરવણી બિલ પત્ર નં–GHOGHA/REV/CY-5/1831 dtd.03.07.2020 દ્વારા Rs.1,12,713=21 નું આપેલ છે. આ બિલ માં લખેલ છે કે, અમારા મીટર નં PG 174284 તા.૨/૬/૨૦૨૦ ના રોજ બદલાવવામાં આવેલ અને તેનું તા.૨૨/૬/૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીગ લેબોરેટરી, શહેર વિભાગ–૨, ભાવનગર ખાતે મીટર ટેસ્ટીગ કરેલ. તેમાં MRI DATA હઅને રીડીગ પેરામીટર લીધેલ તથા રીડીગ મેળવેલ. જે 15708.96 KWH યુનિટ તથા રીએકટીગ યુનિટ 3556 થાય છે. તે મુજબ બિલ બનતા કુલ રૂા.1,12,713=21 પૂરા ભરપાઈ કરવાના નીકળે છે. તેવું પુરવણી બિલ પત્ર નં– GHOGHA/REV/CY-5/1831 dtd. 03.07.2020 માં દર્શાવેલ છે. આ પુરવણી બિલ ની ગણતરી 15708.96 KWH યુનિટ અને રીએકટીગ યુનિટ 3556 ની ગણતરી કેવી રીતે કરી અને આ બિલ કયા સમયગાળા નું છે તેની માહિતી મેળવવા અમે તા.૨૭/૧૦/૨૦૨૦ ના રોજ નાયબ ઈજનેરશ્રી, ઘોઘા ને એક અરજી કરેલી છે. જેની નકલ આ ફરીયાદપત્ર સાથે **બિડાણ–૯** દર્શાવી જોડેલ છે.

(૧) મીટરના છેલ્લા રીડીગ ચેકીગ શીટ ન–41200 તા.૨૦/૬/૨૦૨૦ માં 8950 KWH અને 10924 KVARH બતાવેલ છે.

(૨) મીટરના છેલ્લા રીડીગ પેરામીટર શીટ તા.૦૨/૦૬/૨૦૨૦ માં 8950 KWH અને 10924 KVARH બતાવેલ છે.

(૩) મીટરના છેલ્લા રીડીગ પ્રફોર્મા નં–2573 તા.૦૨/૦૬/૨૦૨૦ માં 8950 KWH બતાવેલ છે.

(૪) મીટરના છેલ્લા રીડીગ, રીડીગ પેરામીટર શીટ તા.૨૨/૬/૨૦૨૦ મા 8987 KWH અને 10938 KVARH છે.અને અમોને આપેલ તા.૨/૭/૨૦૨૦ ના માસીક બિલમાં મીટરના છેલ્લા રીડીગ 18508 KWH અને 7379 KVARH બતાવેલ છે. આમાં લેબોરેટરી એ ડીફેકટીવ જાહેર કરેલ આ મીટરમાંથી 15708.96 KWH અને રીએકટીવ યુનિટ 3556 કેવી રીતે ગણતરી કરી શકાય ?

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

**માર્ચ–૨૦૨૦ થી આપેલ વિજ બિલો અને તેની સામે ભરેલ રકમ ની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | વિજ બિલની તારીખ મીટર ચેકીગ લેબ પરીક્ષણ | મીટરના જે તે તારીખ ના છેલ્લા KWH રીડીગ | મીટરના જે તે તારીખ ના છેલ્લા KVARH રીડીગ | તફાવત ના યુનિટ /એવરેજ યુનિટ | વિજ બિલ માં બતાવેલ મીટર ની સ્થિતિ |
|---|---|---|---|---|---|
| 1 | 18.03.2020 | 18508 KWH | 7379 | 4242 KWH/3663 KVARH | |
| 2 | 22.05.2020 | 18508 KWH | 7379 | 3686 KWH/0 KVARH એવરેજ બિલ | F Faulty |
| 3 | 02.06.2020 | 8950 KWH | 10924 KVARH | ચેકીગ શીટ નં–41200 માં બતાવેલ રીડીગ | |
| 4 | 22.06.2020 | 8987 KWH | 10938 KVARH | લેબ રીપોર્ટ નં–1786 માં બતાવેલ રીડીગ | |
| 5 | 02.07.2020 | 18508 275<br>OLD NEW | 10924 KVARH<br>OLD Meter | 0 250<br>Old New | F – Faulty<br>C - Change |

૧.૧૨ લેબોરેટરી રીપોર્ટ નં–1786 તા.22.06.2020 માં દર્શાવ્યા પ્રમાણે MRI DATA ના BILLING DATA રીપોર્ટ માં BILLING -3 TO BILLING -2 માં રીડીગ રીવર્સ થયેલ જોવા મળે છે. એટલે કે,BILLING -3 તા.૧/૪/૨૦૨૦ થી BILLING -2 તા.૧/૫/૨૦૨૦ દરમિયાન આ મીટર ડીફેકટીવ થયેલ છે. ( MRI DATA પ્રમાણે તા.૧/૪/૨૦૨૦ થી મીટર ડીફેકટીવ થયેલ હતું.)

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**<u>અમોને જુન–૨૦૧૯ થી જુલાઈ–૨૦૨૦ દરમિયાન આપેલ વિજ બિલો ની વિગત નીચે પ્રમાણે છે.</u>**

| ક્રમ | બિલ ની તારીખ | મીટર ના છેલ્લા રીડીગ KWH | બિલ ના યુનિટ KWH | મીટર ના છેલ્લા રીડીગ KVARH | બિલ ના યુનિટ KVARH | MRI DATA માં બતાવેલ તે મહિના ના યુનિટ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | 20.06.2019 | 131556 | 2954 | 76286 | 675 | 1619.08 01.06.19 | |
| ૨ | 15.07.2019 | 5559 | 228 | 1500 | 119 | 5559.18 01.07.19 | Meter Change |
| ૩ | 16.08.2019 | 5559 | 0 | 1500 | 0 | 16777.22 01.08.19 | |
| ૪ | 14.09.2019 | 5559 | 0 | 1500 | 0 | 5559.18 01.09.19 | |
| ૫ | 16.10.2019 | 5559 | 0 | 1500 | 0 | 5559.18 01.10.19 | |
| ૬ | 17.11.2019 | 5839 | 280 | 1512 | 12 | No Data 01.11.19 | |
| ૭ | 18.12.2019 | 7459 | 1620 | 1662 | 150 | 6218.74 01.12.19 | |
| ૮ | 18.01.2019 | 9719 | 2260 | 1878 | 216 | 8565.92 01.01.20 | |
| ૯ | 17.02.2019 | 14266 | 4547 | 3716 | 1838 | 11728.54 01.02.20 | |
| ૧૦ | 18.03.2020 | 18508 | 4242 | 7379 | 3663 | 21781.06 01.04.20 | |
| ૧૧ | 22.05.2020 | 18508 | 3686 એવરેજ બિલ | 7979 | 0 | 133૯.2 01.05.20 | મીટર ની સ્થિતિ નો રીમાર્ક F – Faulty છે |
| ૧૨ | 02.06.2020 | 8950 | --- | 10924 | --- | 8603.22 01.06.20 | ચેકીગ શીટ નં–41200 મીટર બદલાવ્યા |
| ૧૩ | 22.06.2020 | 8987 | --- | 10938 | --- | 8603.22 20.06.20 | લેબ –1786 રીપોર્ટ નંબરમાં બતાવેલ રીડીગ |

૧.૧૩ તા.૨૭/૧૦/૨૦૨૦ ના રોજ નાયબ ઈજનેરશ્રી, ઘોઘા સબ ડિવિઝન ને આપેલ અરજીમાં આ મીટર કઈ તારીખથી ડીફેકટીવ થયેલ છે તે તારીખ અંગે માહિતી પણ માંગેલ છે.

P.G.V.C.L. Bhavnagar.

૧.૧૪ તા.૨/૬/૨૦૨૦ ના રોજ મીટર ને બદલાવતા પહેલા અમારે ત્યાં આ મીટર નો MRI DATA લીધેલ હતો. આ MRI DATA નો અભ્યાસ કરતા નીચે દર્શાવેલ વિગત જોવા મળે છે.

(અ) અમારા આ મીટર નં- PG 174284 GINUS POWER ના તા.૨/૬/૨૦૨૦ ના રોજ ચેકીંગ સમયે લીધેલ MRI DATA માં અને અમોને આપેલ Billing Data Report પણ કરપ્ટ (Curept) થઈ ગયો છે. અને તેનો પુરાવો આ BILLING DATA REPORT માં નીચે પ્રમાણે નોંધાયેલ છે.

Billing ની પ્રથમ કોલમમાં Current પછી નીચે Billing-1 થી Billing-12 સુધી A12 લાઈન જોવા મળે છે. તેની બાજુની કોલમમાં Billing Reset No.બતાવેલ છે. જેમાં, A14,13,12... થી .... 5,4,3 સુધી 12 લાઈનમાં જોવા મળે છે. આ ક્રમમાં ૩ થી ૧૪ વચ્ચે કોઈ આંક મીસીંગ નથી. તેના પછીના ત્રીજા કોલમમાં Biling Reste Data અને Time બતાવે છે. આ કોલમમાં નીચેથી ચેક કરતા,

BILLING-12 સામે – 3-01/06/19 00.00,

BILLING-11 સામે – 4-01/07/19 00.00,

BILLING-10 સામે – 5-01/08/19 00.00,

BILLING-09 સામે – 6-01/09/19 00.00,

BILLING-08 સામે – 3-01/10/19 00.00, બતાવે છે.અહી સુધી બરાબર ક્રમ જળવાઈ છે. ત્યારપછી સામે BILLING-07 સામે – 8-01/11/19 00.00, ને બદલે -01/12/19 00.00, બતાવે છે.

BILLING-06 સામે – 9-01/01/20 00.00, બતાવે છે અને તે રીતે 01/06/20 00.00, સુધી બતાવે છે. આ પ્રમાણે તા.૧/૧૧/૨૦૧૯ નો ડેટા જે BILLING-07 માં સામે આવવો જોઈતો હતો તે મીસીંગ છે. એટલે કે, આ MRI DATA કરપ્ટ થઈ ગયેલો છે તેમ નકકી થાય છે.

(બ) MRI DATA ના Daily Energies Report પ્રમાણે તા.૧/૪/૨૦૨૦ ના રોજ આ મીટર ના રીડીંગ 21781.060 KWH હતા. અને બીજે દિવસે તા.૨/૪/૨૦૨૦ ના રોજ આ મીટર ના રીડીંગ 24131.800 KWH બતાવે છે. એટલે કે, મીટરે એક દિવસમાં જંપ મારીને નોંધેલો અશકય વિજ વપરાશ 2350.740 KWH MRI DATA માં બતાવે છે. જયારે બાકીના તમામ દિવસોમાં વિજ વપરાશ ૧૫૦ થી ૩૦૦ યુનિટ નો બતાવે છે. અને મહતમ ૩૭૯ યુનિટ નો વપરાશ બતાવે છે. પરંતુ, આ મીટરનો MRI DATA તા.૧/૧૧/૨૦૧૯ થી કરપ્ટ થઈ ગયો હોવાથી તે પછીના સમય માટે MRI DATA માં નોંધાયેલ રીડીંગ/ડેટા ના આધારે બિલીંગ કરી શકાય નહી. MRI DATA ના આ Daily Energise Report ની નકલ આ ફરીયાદ પત્ર સાથે <u>બિડાણ-૧૦</u> દર્શાવી જોડેલ છે. તથા તા.૨/૧૦/૨૦૨૦ ના ચેકીંગ સમયે લીધેલ MRI DATA ના Billing Data Report ની નકલ ને <u>**બિડાણ-૧૧**</u> દર્શાવી આ ફરીયાદ પત્ર સાથે જોડેલ છે.

આમ, આવા ડીફેકટીવ મીટર ના કરપ્ટ થઈ ગયેલ MRI DATA ના આધારે કોઈ પ્રકારનું બિલીંગ કરી શકાય નહી. જે પ્રમાણે તમે મીટર ના ડિસ્પ્લે પર આવેલ રીવર્સ રીડીંગ ને આધારે બિલીંગ કરી શકયા નથી અને તા. ૨૨/૫/૨૦૨૦ નારોજ આપેલ મંથલી વિજ વપરાશ બિલ ૩૬૮૬ યુનિટ નું એવરેજ બિલ આપેલ છે. તે પ્રમાણે આ

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

કરપ્ટ થયેલ MRI DATA માં દર્શાવેલ રીડીગ ને આ મીટર નો સાચો વિજ વપરાશ માની શકો નહી. જયારે, આ ડીફેકટીવ મીટરના ત્રીજા પુરવણી બિલ સામે અમે રજૂઆત કરવા ગયા ત્યારે અમોને કાર્યપાલક ઈજનેરશ્રી એ જણાવેલ કે, MRI DATA માં વર્ષ–૨૦૧૯ માં પણ આ રીતે આ મીટર ડીફેકટીવ થઈ ગયુ હતું. એટલે MRI DATA માં નોંધાયેલ હોવાથી અમારે આ ત્રીજું બિલ આપવું પડે. તેની સામે અમારી નીચેની રજૂઆત ધ્યાન પર લેવા વિનંતી.

(૧) જો આ બીજું પુરવણી બિલ સાચું હોય તો, અમારૂં આ મીટર આપેલ MRI DATA પ્રમાણે તા.૧/૮/૨૦૧૯ થી તા.૧/૯/૨૦૧૯ વચ્ચે પણ રીવર્સ રીડીગ થયાનું બતાવે છે. તો તે સમયે પણ મીટર રીડરે મીટરને ફોલ્ટી બતાવી અમોને એવરેજ બિલ આપ્યું હોત અને મીટર રીડરે ઓફીસને રીવર્સ રીડીગ ની જાણ કરીને ૨૦૧૯ માં મીટર બદલાવવાની કાર્યવાહી કરી હોત આવી કોઈ કાર્યવાહી ૨૦૧૯ માં કરેલી નથી. અને તેથી પણ સાબિત થાય છે કે, આ મીટર નો MRI DATA વર્ષ–૨૦૧૯ થી કરપ્ટ થઈ ગયેલો છે તેથી ખોટા રીડીગ/ડેટા બતાવે છે.

(૨) અને આવા ડીફેકટીવ મીટરના કરપ્ટ થઈ ગયેલ MRI DATA પ્રમાણે બિલ બનાવવું તેવો કોઈ નિયમ હોય નહી અને હોય તો તે નિયમ ની નકલ અમોને આપવી.

(૩) અમો જો આ રીવર્સ રીડીગ સામે એવી રજૂઆત કરીએ કે આ સમય Off સીઝન નો હતો અને અમે અલંગ ના એક ૭૫૦ કેવીએ ના જનરેટરથી યુનિટ જનરેટ કરી ને પીજીવીસીએલ ને આપેલા એટલે રીવર્સ રીડીગ આવે છે અને આ રીવર્સ રીડીગ આ મીટર ના કરપ્ટ MRI DATA માં નોંધાયેલ હોવાથી તમારે અમોને પૈસા જમા આપવા જ પડે તો તમે જ કહેશો કે મીટર ડીફેકટ ને કારણે MRI DATA માં નોંધાયેલ રીવર્સ રીડીગ માટે કાર્યવાહી થઈ શકે નહી.માટે જો ગ્રાહકને યુનિટ જમા આપવાની માંગણી સમયે કરપ્ટ MRI DATA પ્રમાણે કાર્યવાહી ન થાય તમે ખોટા MRI DATA ના રીડીગ ને આધારે ગ્રાહકોને પણ ખોટા પુરવણી બિલ આપી ન શકાય.

(૪) MRI DATA ના આધારે આપેલ આ બીજા પુરવણી બિલ પ્રમાણે આ મીટર જુલાઈ–ઓગષ્ટ –૨૦૧૯ માં પણ ડીફેકટીવ થઈ ગયુ હતું અને મીટર ફરીથી આપમેળે બરોબર ચાલવા લાગતા તેને અમારા વિજ જોડાણ પર રહેવા દીધેલ હતું તો પછી તેને ૧૧ મહિના પછી કેમ બદલ્યું ? જો આ મીટર ન બદલ્યું હોત તો ફરીથી તે પંહેલાની જેમ આપમેળે બરોબર ચાલવા લાગત.

તા.૧/૪/૨૦૨૦ થી મીટર ડીફેકટીવ થઈ જતા આ મીટર બદલ્યા તા.૨/૬/૨૦૨૦ સુધી અમારે ત્યાં આ ડીફેકટીવ મીટર રહેલું હતું.

(૬) એટલે કે લેબ રીપોર્ટ પ્રમાણે ઓકે મીટર માટે છેલ્લું બિલ આપ્યા તા.૧૮/૩/૨૦૨૦ થી આ મીટર સ્થળ પરથી બદલાયા તા.૨/૬/૨૦૨૦ સુધી નું મહતમ ૭૭ દિવસનું એવરેજ બિલ આ જુના ડીફેકટીવ મીટર માટે આપવાનું થાય તેમાં પણ તા.૨૩/૩/૨૦૨૦ થી ૬૦ દિવસ માટે કોરોના મહામારીના કારણે તમામ ઉધોગો બંધ હતા. દેશ વ્યાપી લોક ડાઉન હતો. તેને ગણતરી માં લેતા ૭૭ દિવસ– ૬૦ દિવસ = ૧૭ દિવસ નું એવરેજ બિલ આપી શકાય. તેની સામે અમોને પાછલા બિલ ની તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨૨/૫/૨૦૨૦ સુધીના સમયગાળા માટેનું બિલ મીટર રીડરે મીટર માં રીવર્સ રીડીગ જોયા હોવાથી મીટર ને Faulty(F) બતાવી અને મીટર ના પાછલા રીડીગ 18508 KWH અને હાલના રીડીગ 18508 KWH બતાવી અને 3686 યુનિટ નું એવરેજ બિલ આપેલ હતું. એટલે કે

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

મીટર રીડરે ત્યારે રીવર્સ રીડીંગ આવેલા જોઈને મીટર ને ડીફેકટીવ (Faulty ) જાહેર કરીને 3686 યુનિટ નું એવરેજ બિલ Rs.37819=13 નું આપેલ હતું. આમ, વિજ વપરાશ ના ૧૭ દિવસ માટે 3686 યુનિટ નું એવરેજ બિલ પાછલા ત્રણ બિલ ના આધારે મીટર રીડરે આપેલ છે. તેની સામે નાયબ ઈજનેરશ્રી, ઘોઘા સબ ડિવિઝન દ્વારા અમોને આપેલ તા.૩/૭/૨૦૨૦ ના પ્રથમ પુરવણી બિલ માં 15708.96 KWH તથા 3556 KVARH બતાવેલ છે અને બીજા પુરવણી બિલ તા.૨૨/૧૦/૨૦૨૦ માં 11218 KWH બતાવેલ છે. આ બીજું પુરવણી બિલ તા.૧/૭/૨૦૧૯ થી તા.૧/૮/૨૦૧૯ દરમિયાન MRI Report ના બિલીંગ ડેટા માં નોંધાયેલું છે. તેમ આ બીજા પુરવણી બિલમાં દર્શાવેલ છે. આ મીટરને મીટર રીડરે તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ ડીફેકટીવ જાહેર કરેલું અને લેબોરેટરી એ તા.૨૨/૬/૨૦૨૦ ના રોજ ડીફેકટીવ જાહેર કરેલ હતું. હવે સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન –૬.૫૮ પ્રમાણે જો એવરેજ બિલ આપવાનું થાય તો પણ તેની ગણતી પાછલા વધુમાં વધુ ત્રણ બિલીંગ સાયકલ માટે કરી શકાય. જયારે, આ બીજું પુરવણી બિલ આપ્યા તા.૨૨/૧૦/૨૦૨૦ છે અને તે વિજ વપરાશનો સમયગાળો ૧૩ મહિના પહેલાનો તા.૧/૭/૨૦૧૯ થી તા.૧/૮/૨૦૧૯ નો છે.

એટલે કે, આ ડીફેકટીવ મીટર ના વિજ વપરાશ નું બિલીંગ તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨/૬/૨૦૨૦ = ૭૭ દિવસ માટે કરવાનું હતું તેમાંથી ૬૦ દિવસ માટે કોરોના મહામારીના કારણે તમામ ઉધોગો બંધ હતા. દેશવ્યાપી લોક ડાઉન હતો. તેને ગણતરીમાં લેતાં, ૭૭ દિવસ – ૬૦ દિવસ = ૧૭ દિવસ નું એવરેજ બિલ આપવાપાત્ર હતું. તેની સામે પીજીવીસીએલ દ્વારા આપેલ ત્રણ બિલ (૧) ૩૬૮૬ યુનિટ નું એવરેજ બિલ તા.૨૨/૫/૨૦૨૦ (૨) 15708.96 KWH પુરવણી બિલ તા.૩/૭/૨૦૨૦ (૩) 11218 KWH પુરવણી બિલ તા.૨૨/૧૦/૨૦૨૦ = કુલ યુનિટ 26926.96 KWH તે GERC ના સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન –૬.૫૮ વિરૂધ્ધ આપેલ છે.

***GERC ના સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન –૬.૫૮ નીચે પ્રમાણે છે.***

**6.58 Billing in case of defective /stuck /stopped /burnt Meter.**

In case of defective /stuck /stopped /burnt Meter, the consumer shall be billed on the basis of average consumption of the past three billing cycles immediately preceding the date of the meter being found /reported defective. In case sufficient data are not available then average consumption during two/three billing cycles of succeeding period may be considered. These charges shall be leviable for a maximum period of three billing cycles only. Provided that any evidence provided by consumer about conditions of working and/or occupancy of the concerned premises during the said period(s), which might have had a bearing on energy consumption may be considered by the licensee.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

આ નિયમ પ્રમાણે તા.૨૩/૩/૨૦૨૦ થી સંપૂર્ણ ભારતમાં લોક ડાઉન ને કારણે તમામ ઉધોગો બંધ હોવા છતાં, મીટર રીડરે બિલ માં બતાવતી પાછલા ત્રણ બિલ પરથી નકકી થયેલ સરેરાશ પ્રમાણે તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ વિજ વપરાશ બિલ ૩૬૮૬ યુનિટ નું એવરેજ બિલ આપેલ છે. આ બિલ તા. ૧૮/૩/૨૦૨૦ થી તા.૨૨/૫/૨૦૨૦ માટે આપેલ હતું. અને તા.૧૮/૩/૨૦૨૦ ના રોજ આપેલ માસીક બિલ વખતે મીટર બરોબર કામ કરતુ હતું. તેથી મીટરના રીડીંગ ચડયા તે પ્રમાણે 4242 KWH ના વિજ વપરાશ નું બિલ આપેલ હતું. મીટર ટેસ્ટીંગ રીપોર્ટ નં– ૧૭૮૬ તા.૨૨/૬/૨૦૨૦ માં દર્શાવ્યા પ્રમાણે Billing Data રીપોર્ટ માં Billing-3 to Billing-2 માં રીડીંગ રીવર્સ થયેલ જોવા મળે છે. તથા લોડ સર્વે ડેટા લીધેલ છે. છેલ્લું બિલીંગ (એટલે કે રીવર્સ રીડીંગ થયા પહેલાનું) OK બિલીંગ થયેલુ હોય તે પછી લોડ સર્વે પ્રમાણે એકચ્યુઅલ બિલીંગ કરવું તેવી નોંધ કરેલ છે.એટલે કે, તા.૧૮/૩/૨૦૨૦ થી ૨/૬/૨૦૨૦ દરમિયાન લોડ સર્વે પ્રમાણે દરરોજ ના વિજ વપરાશના યુનિટ નો સરવાળો કરી બિલીંગ કરવાની નોંધ કરેલ છે. પરંતુ, આ MRI DATA ના Daily Energies Report પ્રમાણે તા.૧/૪/૨૦૨૦ ના રોજ આ મીટર ના રીડીંગ 21781.060 KWH હતા અને બીજે દિવસે તા.૨/૪/૨૦૨૦ ના રોજ આ મીટર ના રીડીંગ 24131.800 KWH બતાવે છે. એટલે કે, મીટરે એક જ દિવસમાં નોંધેલો વિજ વપરાશ 2350.740 KWH MRI DATA માં બતાવે છે. જયારે, બાકીના તમામ દિવસો માં વિજ વપરાશ ૧૫૦ થી ૩૦૦ યુનિટ નો બતાવે છે. અને મહતમ ૩૭૯ યુનિટ નો વપરાશ બતાવે છે. એટલે કે, આ મીટર ડીફેકટીવ હોવાથી તા.૧/૪/૨૦૨૦ ના રોજ રીડી માં ૨૩૫૦ યુનિટ નો જંપ મારેલ છે. તથા તા.૨૩/૩/૨૦૨૦ પછી લોક ડાઉન ના કારણે યુનિટ બંધ હોવા છતાં, રીડીંગ સતત ચડતા બતાવે છે. તેથી આ MRI DATA પણ કરપ્ટ થયેલો અને ડીફેકટીવ હોવાથી MRI DATA ના આધારે બિલીંગ કરી શકાય નહી. આ MRI DATA કરપ્ટ થયેલો છે. તેનો પુરાવો અમે ઉપર Billing Data Report ની નોંધ કરી ને આપેલ છે.

અમારે ત્યાં ૧૮/૩/૨૦ થી તા.૨/૬/૨૦ ના સમયગાળા માટે ડીફેકટીવ મીટરનું બિલીંગ કરવાનું થાય. તેમાં પીજીવીસીએલ દ્વારા તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨૨/૫/૨૦૨૦ ના પીરીયડ માટે તા.૨૩/૩/૨૦૨૦ થી અમારૂં યુનિટ લોકડાઉન ને કારણે ૬૦ દિવસ બંધ હોવા છતાં, અમોને ૩૬૮૬ યુનિટ નું એવરેજ બિલ મીટર ડીફેકટીવ બતાવી આપેલ છે. અને આ ગણતરી કરેલ સરેરાશ વપરાશ લોકડાઉન ના ૬૦ દિવસ અમારૂં યુનિટ બંધ હોવાના કારણે આ રીતે ગણી શકાય નહી. ત્યાર પછીના ૨૨/૫/૨૦૨૦ થી ૨/૬/૨૦૨૦ વચ્ચેનો ૧૨ દિવસ નો વપરાશ દરરોજ ના ૨૫૦ યુનિટ ગણી તો પણ ૧૨ × ૨૫૦ = ૩૦૦૦ યુનિટ થાય તેની સામે તમે ૩૬૮૬ યુનિટ નું એવરેજ અગાઉ લોક ડાઉન ના ૬૦ દિવસ અમારૂં યુનિટ બંધ હોવા છતાં, તમે વસૂલી લીધુ છે. માટે અમોને આપેલ આ બંને પુરવણી બિલો રદ કરવા હુકમ કરવા વિનંતી અ પ્રથમ પુરવણી બિલ પત્ર નં – GHOGHA/REV/CY-5/1831 dtd.03.07.2020 ને <u>બિડાણ–૧૨</u> તથા બીજા પુરવણી બિલ પત્ર નં – GHOGHA/REV/CY-5/4287 dtd.22.10.2020 ને <u>બિડાણ–૧૩</u> દર્શાવી આ ફરીયાદ સાથે જોડેલ છે.

અમોને આપેલ પ્રથમ પુરવણી બિલ ની રકમ રૂા.૧,૧૨,૭૧૩/૨૧ મંથલી બિલ સાથે પૂરા પૂરા ભરી આપેલ છે. તે રીફંડ (પરત) આપવા હુકમ કરવા વિનંતી તથા આપેલ બીજા પુરવણી બિલ રૂા.૮૩૨૯૩/૬૫ સામે આશરે ૫૦%

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

રકમ એટલે કે રૂા.૪૧૬૫૦/– ભરેલ છે. તેની પહોંચ નં– RU 178508 dtd.28.10.2020 ની નકલ આ ફરીયાદ પત્ર સાથે **બિડાણ–૧૪** દર્શાવી જોડેલ છે. તેને પરત આપવા વિનંતી (પરત આપવા પાત્ર કુલ રકમ = પ્રથમ પુરવણી બિલ ની રકમ રૂા.૧,૧૨,૭૧૩/૨૧ + રૂા.૪૧૬૫૦/–(બીજા પુરવણી બિલ સામે ભરેલ રકમ રૂા.૧,૫૪,૬૩૬/૨૧.)

આભાર.

**વાદીશ્રીની બીજી રજુઆત** :– તા. ૧૦.૧૧.૨૦૨૦.

સવિનય જયભારત સાથ જણાવવાનું કે, અમે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભાવનગરમાં કરેલી અમારી ફરીયાદ પત્ર તા.૪/૧૧/૨૦૨૦ ની નકલ તમારી ઓફીસમાં પણ આપેલી હતી. આ ફરીયાદ પત્રમાં અમે GERC ફરીયાસપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન – ૬.૫૮ પ્રમાણે ડિફેકટીવ/બંધ/ચોંટેલા મીટરના બિલીંગ માટે GERC દ્વારા નકકી કરેલ નિયમ બતાવેલ હતો જે નીચે પ્રમાણે છે.

In case of defective /stuck /stopped /burnt Meter, the consumer shall be billed on the basis of average consumption of the past three billing cycles immediately preceding the date of the meter being found /reported defective. In case sufficient data are not available then average consumption during two/three billing cycles of succeeding period may be considered. These charges shall be leviable for a maximum period of three billing cycles only. Provided that any evidence provided by consumer about conditions of working and/or occupancy of the concerred premises during the said period(s), which might have had a bearing on energy consumption may be considered by the licensee.

અમારા કેસમાં લેબોરેટરીમાં જાહેર કરેલા ડીફેકટીવ મીટર માટે તમારા મીટર રીડરે તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ આપેલ વિજ બિલમાં આ મીટર માં રીવર્સ રીડીંગ જોવા મળતા આ નિયમ પ્રમાણે ( Being found defective ) મીટર ને ફોલ્ટી(F) બતાવી અને આ બિલ માં બતાવતી પાછલા ત્રણ બિલ પરથી નકકી થયેલ સરેરાશ વપરાશ યુનિટ ૩૬૮૬ પ્રમાણેનું વિજ વપરાશ નું એવરેજ બિલ આપેલ છે. આ નિયમ પ્રમાણે તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ એવરેજ બિલ આપ્યા પછી આ ડીફેકટીવ મીટર તા.૨/૬/૨૦૨૦ ના સુધી જ એટલે કે, ૧૧ દિવસ માટે આ વિજ જોડાણ પર લાગેલ હતું. અને તા.૨૩/૩/૨૦૨૦ થી સમગ્ર ભારત વર્ષમાં કોરોના મહામારીના કારણે સરકારશ્રી દ્વારા તમામ ઉધોગો બંધ કરાવેલ હતા.અમારા તા.૪/૧૧/૨૦૨૦ ના ફરીયાદ પત્રમાં MRI DATA માં નોંધાયેલ મીટર ડીફેકટીવ થયાની તારીખ ૧/૪/૨૦૨૦ ના પુરાવાને આધારે જણાવ્યા પ્રમાણે આ MRI DATA ને સાચો છે તેમ માન્ય રાખી ગણતરીમાં લઈ શકાય નહી. કારણ કે, મીટર ડીફેકટીવ થયાની સાથે જ મીટર નો MRI DATA પણ કરપ્ટ થઈ ગયો હોવાથી Billing Data

P.G.V.C.L. Bhavnagar

Report માં Billing -7 સામે 8 – 01/11/19 00.00 ને બદલે 01/12/19 00.00 બતાવે છે.આ પ્રમાણે dtd.01/11/19 નો ડેટા જે Billing -7 સામે આવવો જોઈતો હતો તે મીસીંગ છે એટલે કે, આ MRI DATA કરપ્ટ થઈ ગયેલો છે તેમ નકકી થાય છે.

અમારા ઓકે મીટર માટે અમોને છેલ્લું વિજ બિલ આપ્યા તા.૧૮/૩/૨૦૨૦ થી આ મીટર સ્થળ પર બદલાયા તા.૨/૬/૨૦૨૦ સુધી કુલ –૭૭ દિવસ ના સમયગાળા માટે આ ડીફેકટીવ મીટર ગ્રાહકને ત્યાં લાગેલુ હતું. તેમાંથી કોરોના મહામારીને કારણે ભારતના લગભગ તમામ ઉધોગોને ભારત સરકારે બંધ રખાવેલ હતા.તેથી કુલ દિવસ–૭૭–૬૦ =૧૭ દિવસ માટે સરેરાશ વપરાશ પ્રમાણે પુરવણી બિલ આપવાનું થાય. તેની સામે તમારા મીટર રીડરે તા.૨૨/૫/૨૦ ના રોજ બિલમાં ગણેલી છેલ્લા ત્રણ વિજ બિલ ની સરેરાશ વપરાશ પ્રમાણે આ ૧૭ દિવસ નું ૩૬૮૬ યુનિટ નું બિલ GERC સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન – ૬.૫૮ માં બતાવેલ નિયમ પ્રમાણે તમે આ બિલ આપેલ છે. તેથી આ એવરેજ બિલ પછી આપેલા આ બંને પુરવણી બિલો GERC સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન – ૬.૫૮ ના આ નિયમ વિરૂઘ્ધ આપેલા છે. છતાં, તમે તમારા અનુસંધાનમાં દર્શાવેલ પત્ર નં–ઘોઘા/રેવ/૪૪૮૯ તા.૩/૧૧/૨૦૨૦ માં આ પત્ર ના પેઈજ નં–૨ ઉપર દર્શાવેલ ક્રમ નં–૪ માં તમે લખો છો કે, સદર બાબતે આપને જણાવવાનું કે, **'' આપને આપવામાં આવેલ બિલો કંપની ના નિયમ મુજબ જ છે.''** તો આ ડીફેકટીવ મીટર માટે તમે આપેલ ત્રણ બિલો આપવાનો નિયમ દર્શાવતા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ ના પરિપત્ર ની નકલ અમોને આપવા વિનંતી. કારણ કે, GERC ના સપ્લાય કોડ–૨૦૧૫ માં તમે આપેલ ત્રણ બિલો બરોબર છે. તે પ્રસ્થાપીત થાય તેવો કોઈ નિયમ નથી. માટે જો તમારી પાસે આ રીતે ત્રણ બિલ આપવાના નિયમ દર્શાવતો પશ્ચિમ ગુજરાત વિજ કંપની નો કોઈ પરિપત્ર હોય નહી અને તમારા બિલીંગ વિભાગ ના કલાર્ક ની વ્યકિતગત સમજણ પ્રમાણે આ ત્રણ બિલો આપ્યા હોય તો અમોને પાછળથી આપેલ બંને પુરવણી બિલો રદ કરી ભરેલા પૈસા પરત આપવા કાર્યવાહી કરવા વિનંતી.

આ રીતે GERC સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન – ૬.૫૮ ના આ નિયમ વિરૂઘ્ધ ડીફેકટીવ મીટર માટે તમે આપેલા ત્રણ ત્રણ બિલોને આધારે અને વિજ વિતરણની કામગીરીમાં મોનોપોલી હોવાથી વિજ બિલમાં આવા ખોટા બિલો ચડાવી બાકી લેણા બતાવી અને વિજ જોડાણ કાપવાની બિલમાં નોટીસ છપાવી વિજ ગ્રાહક પાસેથી ખોટી રીતે વસૂલ કરેલા નાણાંને તમે કંપની હિતમાં કરેલી કામગીરી તરીકે ગણાવી શકાય નહી. તદઉપરાંત આપને જણાવવાનું કે, વિજ અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૪૨ માં કરેલ જોગવાઈ પ્રમાણે કોઈપણ વ્યકિત (વિજ અધિકારી) જો વિજ અધિનિયમ–૨૦૦૩ ની કોઈ કલમ કે નિયમ નો ભંગ કરશે કે કમિશને (GERC) ઘડેલા કોઈ નિયમ (એટલે કે અહીં, સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન – ૬.૫૮ નિયમ) નો ભંગ કરશે તો તેને રૂા.એક લાખથી વઘુ ન હોય તેવી પેનલ્ટી ભરવી પડે. એકજેટ નિયમ નીચે પ્રમાણે છે.

P.G.V.C.L. Bhavnagar

**Section -142 of Electricity Act-2003.**

In case any complaint is filed before the Appropriate Commission by any person or if that Commission is satisfied that any person has contravened any provisions of this Act or rules or regulations made there under, or any direction issued by the Commission, the Appropriate Commission may after giving such person an opportunity of being heard in the matter, by order in writing, direct that, without prejudice to any other penalty to which he may be liable under this act, such person shall pay, by way of penalty, which shall not exceed one lakh rupees for each contravention and in case of a continuing failure with an additional penalty which may extend to six thousand rupees for every day during which the failure continues after contravention of the first such direction.

માટે તેમને ફરીથી વિનંતી કરવાની કે તમે આ GERC સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન – ૬.૫૮ ના આ નિયમનો ઉપર દર્શાવ્યા પ્રમાણે ભંગ કરી કંપની હિતના નામે વિજ ગ્રાહકને અન્યાય કરી બંને બિલો રદ કરવા માંગતા નથી કે તમારા કોઈ ઉપરના અધિકારી ની મૌખિક સૂચનાનું પાલન કરવા ખોટા બિલો આપેલા હોય તે તમે રદ કરી શકતા નથી.તેની સ્પષ્ટતા કરવા વિનંતી. કારણ કે, અમારે ભવિષ્ય માં GERC ના સપ્લાય કોડ–૨૦૧૫ ના સેકશન – ૬.૫૮ ના આ નિયમ વિરૂઘ્ધ અમોને ખોટા પુરવણી બિલો આપનાર કે અપાવનાર અધિકારી સાહેબ સામે નામદાર GERC સામે ફરીયાદ નોંધાવવી હોવાથી આ સ્પષ્ટતા કરવા વિનંતી. તમારા પત્ર નં–ઘોઘા/રેવ/૪૪૮૯ તા.૩/૧૧/૨૦૨૦ માં આ પત્ર ના પેઈજ નં–૨ ઉપર દર્શાવેલ ક્રમ નં–૫ માં દર્શાવ્યા પ્રમાણે.

'' <u>તા.૧૮/૩/૨૦૨૦ ના રોજ આપને ૧૮૫૦૮ યુનિટ સુધીનું બિલ આપવામાં આવેલ ત્યારબાદ, તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ આપને ત્યાં રીડીગ દરમિયાન રીડીગ રીવર્સ જણાયેલ જેથી કંપની ના નિયમ અનુસાર '' F '' સ્ટેટસ સાથેનું એવરેજ બિલ આપવામાં આવેલ હતું. ત્યારબાદ, તા.૨/૬/૨૦૨૦ ના રોજ આપનું મીટર બદલાવવામાં આવેલ.</u>''

(૧) એટલે કે, તમે આપેલ તા.૨૨/૫/૨૦૨૦ નું પ્રથમ એવરેજ બિલ મીટર રીડરે મીટરને ફોલ્ટી (ડીફેકટીવ) જાહેર કરીને આપેલ હતું. અને તે તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨૨/૫/૨૦૨૦ ના સમયગાળા માટે હતું. તેટલું તો આ પત્ર દ્વારા સ્વીકારો છો.

(૨) પ્રથમ પુરવણી બિલ તા.૩/૭/૨૦૨૦ એ MRI DATA ના આધારે આપેલું તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨/૬/૨૦૨૦ ના સમયગાળા વચ્ચેનું છે તેમ આ પત્રમાં દર્શાવેલ છે. એટલે કે, તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨૨/૫/૨૦૨૦ ના સમયગાળા માટે ઉપર પ્રમાણે બે બિલો આપ્યાનું કન્ફર્મ થાય છે.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar

(૩) તા.૨૨/૧૦/૨૦૨૦ નું પુરવણી બિલ સુધારીને તમે રૂા.૯૦૪૩૬/૩૨ માંથી રૂા.૮૩૨૯૩/૬૫ ક આપેલ છે. તે તમે આ પત્ર નં– ઘોઘા/રેવ/૪૪૮૯ તા.૩/૧૧/૨૦૨૦ માં પેઈજ નં–૨ ઉપર દર્શાવેલ ક્રમ નં–૩ માં જણાવો છો. તથા આ પુરવણી બિલ નો સમયગાળો તમે આ પત્રમાં તા.૧/૭/૨૦૧૯ થી તા.૧/૮/૨૦૧૯ નો જણાવો છો. એટલે કે, તમે આ મીટર ડીફેકટીવ જાહેર કર્યા તા.૨૨/૫/૨૦૨૦ પહેલાના ૯ મહિના પહેલાના સમયગાળા નું છે અને તે સમયે પણ મીટર રીવર્સ રીડીગ MRI DATA માં બતાવે છે. એટલે બિલ આપેલું છે. તેવું તમે જણાવો છો. તેનો અર્થ એવો થાય કે, તા.૧/૮/૨૦૧૯ થી તા.૧૮/૩/૨૦૨૦ દરમિયાન આ ડીફેકટીવ મીટર તેની મેળે બરોબર થઈ ગયેલ એટલે તે સમયે જુલાઈ–૨૦૧૯ માં આ ડીફેકટીવ મીટર બદલાવેલ ન હતું. અને MRI DATA નાપ્રમાણે તે સમયે પણ મીટર માં રીવર્સ રીડીગ જોવા મળેલ હતા. પરંતુ, તે સમયે મીટર રીડરે આવા રીવર્સ રીડીગ જોયા ન હતા એટલે રીપોર્ટ કરી આ મીટર વર્ષ–૨૦૧૯ માં બદલાવેલ ન હતું. આવી તમામ કાલ્પનિક વાતો સ્વીકારીને બદલે તમે અમારી રજૂઆતમાં આ MRI DATA પણ કરપ્ટ થઈ ગયો હોવાના દર્શાવેલ પુરાવા કે જે Billing Data Report માં જ નોંધાયેલા છે. તેને સ્વીકારી ને અમોને નિયમ વિરૂધ્ધ આપેલા આ ખોટા પુરવણી બિલ ને રદ કરવા વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદારશ્રી અવાણીયા ખાતે નંદી સોલ્ટ વર્કસ નામે ગ્રાહક નં–૬૦૨૧૨/૦૦૦૦૩/૯ થી LTMD વિજ જોડાણ ધરાવે છે. જેનો મીટર નં– PG 174284 છે.

૨.૨ તા.૧૮/૩/૨૦૨૦ ના રોજ ગ્રાહકને બિલીગ પીરીયડ માર્ચ–૨૦૨૦ બિલ્ડ ઈન એપ્રિલ–૨૦૨૦ નું રૂા.૪૨૮૦૩/૪૨ નું વિજ વપરાશનું બિલ આપવામાં આવેલ છે. જે બિલ ૧૮૫૦૮ યુનિટ સુધીનું આપવામાં આવેલ. **(Annexure – 1)**

૨.૩ ત્યારબાદ, તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ ગ્રાહને ત્યાં મીટર રીડીગ સમયે રીડીગ રીવર્સ જણાયેલ. જેથી, કંપની ના નિયમાનુસાર '' F '' સ્ટેટસ સાથે એવરેજ બિલ આપવામાં આવેલ હતું. **(Annexure – 2)**

૨.૪ તા.૨/૬/૨૦૨૦ ના રોજ સદર મીટર PG 174284 રીવર્સ રીડીગ માલૂમ પડતા નવા મીટર PG 187811 થી બદલાવવામાં આવેલ. **(Annexure – 3)**

૨.૫ જે તા.૨૨/૬/૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીગ લેબોરેટરી, ભાવનગર શહેર વિભાગ–૨ ખાતે ગ્રાહકના પ્રતિનિધિ ની હાજરીમાં મીટર નં– PG 174284 નું ટેસ્ટીગ કરી MRI DATA લીધેલ. **(Annexure – 4)**

૨.૬ સદર MRI DATA ના ડેઈલી એનર્જી રીપોર્ટ અનુસાર તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨/૬/૨૦૨૦ દરમિયાન થયેલ ૧૫૭૦૮.૯૬ KWH યુનિટ( Mi.e Active Energy from 18.03.2020 to 02.06.2020 – F Avg.) મુજબ રૂા.૧,૧૨,૭૧૩/૨૧ ગ્રાહકના ખાતે ઉધારવામાં આવેલ જે ગ્રાહકશ્રી ને પત્ર નં– Ghogha/Rev/CY-5/1831 dtd.03.07.2020 થી જણાવવામાં આવેલ. **(Annexure – 5)**

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૭ ઉપરોક્ત રકમ ગ્રાહકશ્રી દ્વારા રસીદ નં– SG 669179 અને RU 170689 દ્વારા ભરપાઈ કરવામાં આવેલ છે. **(Annexure – 6)**

૨.૮ ત્યારબાદ, સદર મીટર નં– PG 174284 ના MRI DATA ના બિલીંગ ડેટા રીપોર્ટ માં તા.૧/૮/૨૦૧૯ થી તા.૧/૯/૨૦૧૯ દરમિયાન પણ રીવસ રીડીગ માલૂમ પડેલ જેનો ડેઈલી એનર્જી રીપોર્ટ મીટર ની બેકઅપ કેપેસીટી ની લીમીટ ને કારણે મળી શકેલ નહી. જે મુજબ તા.૧/૮/૨૦૧૯ થી તા.૧/૯/ ૨૦૧૯ એટલે કે, ૧૬૭૭૭.૨૧ અ ૫૫૫૯.૧૮ = ૧૧૨૧૮ KWH યુનિટ નો વપરાશ માલૂમ પડેલ. **(Annexure – 7)**

૨.૯ As per GERC Electricity Supply Code Notification No.4 of 2015 Section – 6, Para No.6.58.

" In case of defective /stuck /stopped /burnt Meter, the consumer shall be billed on the basis of average consumption of the past three billing cycles immediately preceding the date of the meter being found /reported defective. In case sufficient data are not available then average consumption during two/three billing cycles of succeeding period may be considered. These charges shall be leviable for a maximum period of three billing cycles only." **(Annexure – 8)**

જે મુજબ રૂા.૮૩,૨૯૩/૬૫ ગ્રાહકના ખાતે ઉધારવામાં આવેલ. જે ગ્રાહકશ્રીને પત્ર નં– Ghogha/Rev/CY-5/4287 dtd.22.10.2020 થી જણાવવામાં આવેલ. **(Annexure – 9)**

૨.૧૦ આથી, પેટા વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ બિલ ગ્રાહકે ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી અશરફભાઈ સુલેમાનભાઈ હમીદાણી C/O નંદી સોલ્ટ વર્કસ ગામ–અવાણીયા, તા.ઘોઘા માં LTMD ટેરીફ હેઠળ ૯૫ કિ.વો.નું થ્રી ફેઇઝ ઔધોગીક વિજ જોડાણ ગ્રાહક નં–૬૦૨૧૨/૦૦૦૦૩/૯ થી ધરાવે છે.

૩.૨ વાદી નું ઔધોગીક વિજ સ્થાપન નો હેતુ સોલ્ટ વર્કસ નો છે. સુનાવણી દરમ્યાન વાદીના જણાવ્યા મુજબ દરિયાના પાણી ની ભરતી વખતે તેઓ પાણી નું પમ્પીગ કરી અને સ્ટોર કરે છે. અને આ પાણીને સૂર્યપ્રકાશ દ્વારા મીઠું પકવે છે. વાદીના વિજ જોડાણ નો મુખ્ય લોડ પાણી ના પમ્પીગ માટેના જુદી જુદી મોટર્સ છે. તેમજ વાદીનું વિજ જોડાણ સીઝનલ વિજ જોડાણ છે.

૩.૩ વર્ષ ૨૦૨૦ માં વાદીએ એ જુલાઈ–ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ દરમિયાન ઓફ સીઝન જાહેર કરેલ. તેમજ વર્ષ ૨૦૧૯ દરમિયાન જુલાઈ–ઓગષ્ટ–સપ્ટે માસમાં ઓફ સીઝન જાહેર કરેલ.

૩.૪ વાદીના વિજ સ્થાપન નું માર્ચ–૨૦૨૦ નું વિજ બિલ તા.૧૮/૩/૨૦૨૦ ના રોજ ૪૨૪૨ યુનિટ નું વિજ વપરાશનું બિલ વાદીને આપેલ. ત્યારબાદ, લોકડાઉન ના સમયગાળા માં માસિક રીડીંગ પ્રતિવાદી દ્વારા ન લઈ શકતા, પ્રતિવાદી એ તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ વાદીના વિજ સ્થાપન પર ના રીડીગ લેતા, મીટર ના રીડીંગ રીવર્સ માલૂમ પડેલ.જેથી, પ્રતિવાદી ના મીટર રીડરે વાદીને ૩૬૮૬ યુનિટ નું એવરેજ બિલ દરમિયાન ''F'' સ્ટેટસ તરીકે આપેલ.

૩.૫ પ્રતિવાદીએ વાદીના વિજ સ્થાપન પરનું મીટર તા.૨/૬/૨૦ ના રોજ બદલાવેલ અને તે માટે જરૂરી ચેકીગ શીટ ભરી મીટર ને રેપ્ડ કરેલ અને તા.૨૨/૬/૨૦ ના રોજ વાદીના મીટર નું લેબ ઈન્સપેકશન મીટર ટેસ્ટીગ લેબોરેટરી માં કરવામાં આવેલ. તેમજ મીટરનો MRI લેવામાં આવેલ.

૩.૬ પ્રતિવાદીએ વાદીના મીટરનો MRI નો અભ્યાસ કરતા MRI ના બિલીગ ડેટા મુજબ વાદીનું મીટર ના રીડીગ તા.૧/૯/૨૦૧૯ ના રોજ તેમજ તા.૧/૫/૨૦૨૦ ના રોજ રીવર્સ માલૂમ પડેલ. તા.૧/૮/૨૦૧૯ ના રોજ વાદીના મીટરના MRI રીપોર્ટ મુજબ ૧૬૭૭૭ તેમજ તા.૧/૯/૨૦૧૯ ના રોજ રીડીગ ૫૫૫૯ જોવા મળેલ. તા.૧/૪/૨૦૨૦ ના રોજ MRI મુજબ વાદીના મીટર ના રીડીગ ૨૧૭૮૧ અને તા.૧/૫/૨૦૨૦ ના રોજ રીડીગ ૧૩૩૯ માલૂમ પડેલ આમ, આ સમય દરમિયાન વાદીનું મીટરમાં રીવર્સ યુનિટ દર્શાવતુ હતું.

P.G.V.C.L. Bhavnagar Grievance Redressal Forum

૩.૭ પ્રતિવાદીએ વાદીના MRI ના બિલીંગ ડેટા ના રીપોર્ટ નો આધાર લઈ વાદીના મીટર ના રીવર્સ કન્ઝમ્પશન ની ગણતરી કરી વાદીને ૧૫૭૦૮.૯૬ યુનિટ ની વિજ વપરાશનું રૂા.૧,૧૨,૭૧૩.૨૧ નું વધારાનું વિજ બિલ (તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨/૬/૨૦૨૦ દરમિયાન ના રીવર્સ રેકોર્ડીગ મુજબ ) આપેલ તે જ રીતે પ્રતિવાદીએ તા.૧/૮/૨૦૧૯ થી તા.૧/૯/૨૦૧૯ ના સમય દરમિયાન થયેલ રીવર્સ રેકોર્ડીગ ના વિજ વપરાશનું ૧૧૨૧૮ યુનિટ ની વિજ વપરાશ વધારાનું વિજ બિલ આપેલ. જેની સામે વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૮ વાદીના વિજ સ્થાપન પરનું મીટર નું લેબ ઈન્સ્પેકશન તા.૨૨/૬/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી દ્વારા વાદીની હાજરીમાં કરવામાં આવેલ અને મીટરને ડીફેકટીવ મીટર તરીકે જાહેર કરેલ.

૩.૯ આમ, વાદીએ તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ મીટરને ફોલ્ટી ગણી ૩૬૮૬ યુનિટ નું એવરેજ બિલ પ્રતિવાદી ને આપેલ. તેમજ ત્યારબાદ, વાદીને રીવર્સ કન્ઝમ્પશન નું ૧૫૭૦૮ યુનિટ નું અને ૧૧૨૧૮ યુનિટ નું વિજ વપરાશનું બિલ આપેલ છે. જે જીઈઆરસી ના સપ્લાય કોડ ના કલોઝ નં–૬.૫૮ સાથે સુસંગત નથી.

૩.૯૧ પ્રતિવાદીએ વાદીના વિજ મીટરને ડેઈલી એનર્જી રીપોર્ટ ( લોડ સર્વે) રજૂ કરેલ છે. જે જોતાં, જણાય છે કે, વાદીના મીટરના તા.૧૮/૩/૨૦૨૦ ના રોજ રીડીગ ૧૮૪૧૭ હતા અને તા.૨૫/૪/૨૦૨૦ ના રોજ વાદીના વિજ સ્થાપન પર ના મીટર રીડીગ ૨૯૧૨૭.૩ હતા.જયારે, તા.૨૬/૪/૨૦૨૦ ના રોજ વાદીનું મીટર પરના રીડીગ રીવર્સ થઈ અને ૧૭૪.૪ હતા. આમ, વાદીના વિજ સ્થાપન પરનું મીટર તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨૫/૪/૨૦૨૦ સુધી યોગ્ય કરતુ અને વિજ વપરાશની નોંધ કરતુ માલૂમ પડેલ છે. તા.૨૬/૪/૨૦૨૦ થી વાદીના મીટરના રીડીગ રીવર્સ થઈ અને તા.૨/૬/૨૦૨૦ ના રીડીગ ૮૯૫૦ સુધી વિજ વપરાશ થયેલ છે.આથી, એવું તારણ કાઢી શકાય કે, વાદીનું મીટર તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૨૫/૪/૨૦૨૦ સુધી બરાબર વર્કીંગ અને યોગ્ય રેકોર્ડીગ થતુ હતું. જયારે, તા.૨૬/૪/૨૦૨૦ થી તા.૨/૬/૨૦૨૦ સુધી ના સમયગાળા દરમિયાન મીટર ડીફેકટીવ માલૂમ પડે છે.

૩.૯૨ પ્રતિવાદીએ વાદીને તેના મીટરના તા.૧/૮/૨૦૧૯ થી તા.૧/૯/૨૦૧૯ દરમિયાન રીવર્સ રેકોર્ડીગ કન્ઝમ્પશન મુજબ ૧૧૨૧૮ યુનિટ નું વિજ વપરાશનું બિલ આપેલ છે. જયારે, પ્રતિવાદીએ વર્ષ ૨૦૧૯ દરમિયાન જુલાઈ–ઓગષ્ટ–સપ્ટે દરમિયાન ઓફ સીઝન જાહેર કરેલ તેમજ પ્રતિવાદીએ જે તે સમયે રીવર્સ મીટર કન્ઝમ્પશન ની નોંધ લીધેલ નથી અને મીટર બદલવા માટેના કોઈ યોગ્ય પગલા લઈ આગઈ કાર્યવાહી કરેલ નથી. પરંતુ, તા.૧/૯/૨૦૧૯ પછી વાદીને નિયમીત રીતે તેની વપરાશ પ્રમાણે વિજ બિલ આપેલ છે. આમ, પ્રતિવાદીએ વાદીને તા.૧/૮/૨૦૧૯ થી તા.૧/૯/૨૦૧૯ ના સમયગાળા દરમિયાન નું આપેલ ૧૧૨૧૮ યુનિટ (રીવર્સ કન્ઝમ્પશન) નું વિજ બિલ પ્રતિવાદીએ રદ કરવું.

P.G.V.C.L.

૩.૯૩ તારણ નં–૩.૯૧ અને ૩.૯૨ ને ધ્યાનમાં રાખી તેમજ ઉપર મુજબના અવલોકનો ને ધ્યાનમાં રાખી તારણ કાઢવામાં આવે છે કે, વાદીની વિજ વપરાશ કુદરતી સ્ત્રોત ના આધારે હોઈ તેમાં નહીવત મેન પાવરની જરૂર હોઈ, લોકડાઉન દરમિયાન પણ વાદીની વિજ વપરાશ ચાલુ હોવી જોઈએ. આથી, પ્રતિવાદીએ વાદીને તા.૧૮/૩/૨૦૨૦ થી તા.૧૮/૩/૨૦૨૦ ના રોજ મીટર ના નોંધાયેલ ૧૮૪૧૭.૦૪ મીટર રીડીગ થી તા.૨૫/૪/૨૦૨૦ ના રોજ નોંધાયેલ મીટર રીડીગ ૨૯૧૨૭.૩ ના તફાવત નું વિજ વપરાશનું બિલ આપવું. તેમજ તા.૨૬/૪/૨૦૨૦ થી તા.૨/૬/૨૦૨૦ ના સમયગાળા દરમિયાન નું વિજ બિલ એવરેજ વપરાશ ના યુનિટ ગણી અને ૬.૫૮ મુજબ આપવું. તેમજ પ્રતિવાદીએ આપેલ ૧૧૨૧૮ યુનિટ નું વિજ વપરાશ (રીવર્સ કન્ઝમ્પશન) નું બિલ રદ કરવું. તેમજ તા.૨૨/૫/૨૦૨૦ ના રોજ આપેલ ૩૬૮૬ યુનિટ નું એવરેજ વિજ વપરાશનું બિલ રદ કરવું.

૩.૯૪ પેરા નં–૩.૯૩ માં જણાવ્યા મુજબ પ્રતિવાદીએ વાદીને રીવાઈઝડ બિલ આપવા તેમજ વાધારાના બિલ રદ કરવા અને વાદી એ જે કોઈ રકમ વિજ બિલ સામે ભરેલ હોઈ તે એડજસ્ટ કરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૯૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એમ.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૫/૦૨/૨૦૨૧.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.